INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૩-૧૨-૨૦૨૪**

- **6 ડિસેમ્બર બાબાસાહેબના નિર્વાણ દિને નેહાકુમારીની ધરપકડની માંગ સાથે એકત્ર થશે દલિત - આદિવાસી માલધારી સમાજ, દલિત-આદિવાસી સહિતના મોટી સંખ્યામાં ઉપસ્થિત આગેવાનો દ્વારા યોજાશે સ્વાભિમાન સભા.**
- **કોંગ્રેસ પક્ષના નેતાશ્રી કે. રાજુ, સાંસદશ્રી સેન્થીલજી સહિત રાજસ્થાનના વરિષ્ઠ નેતાગણ પણ સ્વાભિમાન સભામાં ઉપસ્થિત રહેશે.**

6 ડિસેમ્બર બાબાસાહેબના નિર્વાણ દિને નેહાકુમારીની ધરપકડની માંગ સાથે દલિત - આદિવાસી માલધારી સમાજ દ્વારા સ્વાભિમાન સભા અંગે આજરોજ પત્રકાર પરિષદને સંબોધન કરતા અખિલ ભારતીય કોંગ્રેસ સેવાદળના અધ્યક્ષશ્રી લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યમાં દલિતો આદિવાસીઓનું અપમાન થઈ રહ્યુ છે. અમદાવાદમાં માલધારી બહેનોને તત્કાલીન ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નર અને હાલ મહિસાગર કલેક્ટર નેહા કુમારી દુબે દ્વારા અપશબ્દો બોલ્યા લોકોને માર માર્યો. મહીસાગર ખાતે સરકારી કાર્યક્રમમાં દલિત યુવાન નું અપમાન કરવામાં આવ્યું હતું. મહીસાગર માં છેલ્લા 25 દિવસથી વિવિધ વિરોધ કાર્યક્રમ કરવામાં આવી રહ્યાં છે. રાજ્યના વહીવટી તંત્ર માં આવા અધિકારીઓ ને જાતિવાચક શબ્દો બોલવાનો અધિકાર કોણે આપ્યો ? સરકાર આ કાર્યક્રમ સફળ ના થાય તે માટે ધારા 144 લાગુ કરી છે. 6 તારીખે આ કાર્યક્રમ માં લોકો ના આવે તે માટે આદિવાસી ઉત્કર્ષ નો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શું આ કાર્યક્રમ માટે 144 લાગુ નહિ પડે ? ૭૫ લાખ નાં ખર્ચે આ કાર્યક્રમ થવા જઈ રહ્યો છે. શું આ કાર્યક્રમ થી આદિવાસી ને લાભ થશે ? આદિવાસી મત થી ચૂંટાઈ આવેલા મંત્રીશ્રી કુબેર ડિંડોર સરકાર ની કઠપૂતળી બની આદેશ મુજબ કામ કરી રહ્યા છે. જે ભાજપાની દલિત-આદિવાસી વિરોધી માનસિકતાને વધુ એકવાર ઉજાગર કરે છે.

રાજ્યમાં છેલ્લા કેટલાંક દિવસોથી દલિત - આદિવાસી - માલધારી સમાજે મહીસાગર કલેક્ટર નેહાકુમારી દુબે સામે ન્યાય માટે મોરચો માંડ્યો છે. તારીખ 23 ઓક્ટોબરના રોજ એક દલિત યુવાન તાલુકા સ્વાગત કાર્યક્રમમાં મહીસાગર જિલ્લા કલેક્ટર સમક્ષ પોતાની અરજી અન્વયે પૂછપરછ કરતા મહીસાગર કલેક્ટર નેહા કુમારી દુબે દ્વારા એની સાથે ઉદ્ધતાઈભર્યું અને જાહેર સેવકને છાજે નહીં તેવું વર્તન કર્યું હતું. આ ઉપરાંત આ કલેક્ટર દ્વારા વકીલોનું પણ અપમાન કરવામાં આવેલું અને "દલિતો-આદિવાસીઓ એટ્રોસિટી એક્ટ મુજબના ૯૦ ટકા કેસો બ્લેકમેલ કરવા માટે કરે છે" એવું નિવેદન પણ કરવામાં આવેલ. જેને પગલે સમગ્ર દલિત-આદિવાસી સમાજમાં રોષની લાગણી વ્યાપી છે.

તા. ૨૨/૧૧/૨૦૨૪ ના રોજ સમગ્ર રાજ્યમાં 150 થી વધારે તાલુકાના પોલીસ સ્ટેશનમાં તથા અમદાવાદ શહેરના 25 થી વધારે પોલીસ સ્ટેશનમાં મહીસાગર જિલ્લા કલેક્ટર નેહા કુમારી દુબે વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો અન્વયે લેખિત ફરિયાદ દાખલ કરી ધરપકડ કરવાની માંગ કરવામાં આવી હતી.

રાજ્યનો દલિત - આદિવાસી - માલધારી સમાજ ડૉ. બાબા સાહેબ આંબેડકરના નિર્વાણ દિને (૬ ડિસેમ્બર) રાજ્ય વ્યાપી આંદોલનના ભાગરૂપે મહીસાગરમાં વિશાળ સંમેલન સાથે સ્વાભિમાન સભા યોજાશે.

(હિરેન બેન્કર)
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ